# 8

## આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના

***15/4/785 શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ** (સોજિત્રા):**માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના હેઠળ કઈ બીમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે | (૧) | પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના હેઠળ હ્રદય, કિડની, ગર્ભાશય, લીવર અને પેન્ક્રીઆસ(સ્વાદુપિંડ) ટ્રાન્સપ્લાન્ટ, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર, જનરલ મેડિસિન અને પિડિયાટ્રિક મેડિકલ મેનેજમેન્ટ, સિકલ સેલ અનેમિયા ડીસીસ અને ક્રાયસીસ, મેન્ટલ ડીસઓર્ડર, ઓબસ્ટ્રેટિક, ગાઈનેક અને ઇમરજન્સી રૂમને લગત પ્રોસીજરો, રેટીનાની સર્જરીના ઓપરેશનો, નીઓનેટલ પેકેજીસ, આઇ.સી.યુ. , એચ.ડી.યુ. , વેન્ટીલેટર તેમજ અન્ય જરૂરી તમામ નિદાન, નોર્મલ ડિલિવરી, કોમ્પ્લિકેટેડ ડિલિવરી અને C-section ડિલિવરી, ફોર્સેપ ડિલિવરી અને એપીસીઝીઓટોમી, સર્પદંશની પ્રોસીજરનાં લાભ, રેડીએશન, કિમોથેરાપી અને સર્જીકલ ઓન્કોલોજીની કેન્સરની સારવાર જેવી બિમારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઉક્ત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે અને | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૭,૮૪૦ લાભાર્થીઓના દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે |
| (૩) | ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા પેટે કેટલી કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી | (૩) | ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા પેટે રૂ.૬૮,૨૫,૩૮,૭૯૭/– મંજુર કરવામાં આવ્યા. |

-----------------